# ગાંધીસાહિત્યનું ઘરેણું ‘જીવનનું પરોઢ’ હવે અંગ્રેજીમાં...


ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

ગાંધીસાહિત્યનું ઘરેણું કહેવાય તેવું પ્રભુદાસ ગાંધી લિખિત પુસ્તક ‘જીવનનું પરોઢ’નું અંગ્રેજી સંસ્કરણ હાલમાં પ્રકાશિત થયું છે. અંગ્રેજીમાં પુસ્તકનું નામ છે : ‘ધ ડૉન ઑફ લાઈફ : એમ. કે. ગાંધી ઈન સાઉથ આફ્રિકા’. પ્રભુદાસ, ગાંધીજીના ભત્રીજા થાય. તેમનો જન્મ પોરબંદરમાં થયો તે પછી તેમનું બાળપણ દક્ષિણ આફ્રિકામાં વીત્યું. વિશેષ તો ત્યાંના ગાંધીજીએ સ્થાપેલા ફિનિક્સ આશ્રમમાં. જીવનનું પ્રાથમિક ઘડતર ત્યાં જ થયું અને તે પછી ગાંધીજી જ્યારે 1915માં હિંદુસ્તાન આવ્યા ત્યારે તેઓ પણ તેમની સાથે પાછા ફર્યા. ગાંધી અને અન્ય સાથે આઝાદીની અનેક લડતોમાં જોડાયા, જેલવાસ ભોગવ્યો અને જીવનના ઉત્તરાર્ધમાં અલ્મોડા ખાતે ખાદી સંશોધન અને ગ્રામ પ્રવૃત્તિમાં જીવન સમર્પિત કર્યું. પ્રભુદાસ ગાંધીનો આ અત્યંત ટૂંકો પરિચય છે. તેમના દ્વારા લિખિત પુસ્તકોમાં ‘જીવનનું પરોઢ’ તો છે જ; સાથે તેમણે દેશના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદની આત્મકથાનો અનુવાદ પણ કર્યો છે. એ ઉપરાંત, ‘ગીતા કા સમાજધર્મ’ (હિંદીમાં); ‘ઓતાબાપાનો વડલો’, ‘આશ્રમ ભજનોનો સ્વાધ્યાય’ અને ‘બાપુના જુગતરામભાઈ’ પણ તેમના લેખનમાં સમાવિષ્ટ સાહિત્ય છે.

‘જીવનનું પરોઢ’ પુસ્તકની વાત તો આપણે કરીએ છીએ; પરંતુ સૌથી પહેલાં આ પુસ્તકનો સાડા સાત દાયકા બાદ અનુવાદ જેમનાં કારણે અંગ્રેજીમાં થઈ શક્યો તે હેમાંગ અશ્વિનકુમાર વિશે પણ ટૂંકમાં જાણી લેવું જોઈએ. હેમાંગ અશ્વિનકુમારની ઓળખ કવિ, અનુવાદક, સંપાદક અને ગુજરાતી-અંગ્રેજી ભાષામાં વિવેચક તરીકેની પણ છે. તેમની કવિતા અને અનુવાદ દેશ અને વિશ્વના પ્રતિષ્ઠિત સામયિક-અખબારમાં પ્રકાશિત થયા છે. એટલું જ નહીં, ગુજરાતીમાં ‘જીવનનું પરોઢ’ જેવી કેટલીક ઉત્તમ કૃતિઓ તેમના જ કારણે અંગ્રેજી ભાષામાં વાંચી શકાય છે. ગુલામ મોહમ્મદ શેખ, હિંમાશી શેલત, બાબુ સુથાર, દલપત ચૌહાણ, કાનજી પટેલ, રાજેશ પંડ્યા, રાજેન્દ્ર પટેલ ઉપરાંત પણ અનેક મૂળ ગુજરાતી લેખકોનાં લખાણ તેમના દ્વારા અંગ્રેજીમાં અનુવાદિત થયા છે. હેમાંગ અશ્વિનકુમારે સર્જેલા સાહિત્યને વિસ્તારથી લખી શકાય એટલું છે.

હવે ‘જીવનનું પરોઢ’ વિશે. આ પુસ્તક પ્રથમ વાર 1948માં નવજીવન દ્વારા પ્રકાશિત થયું હતું. જોકે પુસ્તક પ્રકાશિત થયું તે અગાઉ 25 વર્ષ અગાઉ સાબરમતી આશ્રમ અંતર્ગત ચાલતી રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થીઓનું ‘મધપૂડો’ નામનું એક હસ્તલિખિત માસિક ચાલતું હતું - તેમાં સૌથી પહેલાં ‘જીવનનું પરોઢ’ના પ્રકરણ પ્રકાશિત થયા હતા. તે વખતે તેના વાચકોમાં મહદંશે સાબરમતી આશ્રમના નિવાસીઓ હતા; પરંતુ આ પ્રકરણો એટલાં રસાળ શૈલીમાં લખાયા કે તે પછી તેને પુસ્તક તરીકે પ્રકાશિત કરવાનો વિચાર સાકાર થયો. પ્રભુદાસ ગાંધીએ જ્યારે આ પ્રકરણો લખ્યાં ત્યારે તેમની ઉંમર 12 વર્ષની હતી. તેમણે આમાં દક્ષિણ આફ્રિકાના ફિનિક્સ આશ્રમના અનુભવો અને આફ્રિકામાં સત્યાગ્રહ ચાલતાં ત્યારે તેની ચહલપહલ આશ્રમમાં કેવી હતી તે પણ આલેખ્યું છે. આ પ્રકરણો ‘મધપૂડો’માં લખાયા ત્યારે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ લખ્યો નહોતો, તેથી સાબરમતી આશ્રમના નિવાસીઓ અને દક્ષિણ આફ્રિકાથી ગાંધી સાથે પાછા ફરનારા ફિનિક્સવાસીઓને પણ પ્રભુદાસ ગાંધીનું આ લખાણ વાંચવું ખૂબ ગમ્યું.

આ પુસ્તકના લેખકની, તેના અનુવાદકની અને પુસ્તક કેવી રીતે પ્રથમ વાર પ્રકાશિત થયું તે પછી કાકાસાહેબ કાલેલકરે આ પુસ્તકને કેવી રીતે વધાવ્યું છે તે વિશે પણ જાણવું જોઈએ. કાકાસાહેબે પુસ્તકની પ્રસ્તાવનાને સરસ નામ આપ્યું છે : ‘સાધનાનું પરોઢ’. કાકાસાહેબ તેમાં સૌથી પહેલાં દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી અને તેમની સાથેના આશ્રમવાસીઓ 1915ના અરસામાં કેવી રીતે આવ્યાં અને બંગાળમાં કવિવર




રવીન્દ્રનાથ ટાગોર સ્થાપિત શાંતિનિકેતનમાં કેવી રીતે રહ્યા તેનો ઉલ્લેખ કરે છે. ત્યાં તેમનો ભેટો પ્રભુદાસ સાથે થયો હતો. તે પછી તો ત્યાંથી કાકાસાહેબ મહારાષ્ટ્રમાં ગયા અને તે પછી વડોદરા આવીને ગ્રામસેવાનું કામ ઊપાડ્યું. પરંતુ કાકાસાહેબનો અનુબંધ ફિનિક્સવાસીઓ સાથે શાંતિનિકેતનમાં એટલો ગાઢ થઈ ચૂક્યો હતો કે તેઓ ગાંધીજીએ અમદાવાદમાં સ્થાપેલા પ્રથમ આશ્રમ કોચરબમાં આવી ગયા અને એ રીતે તેમનો ગાંધી સાથેનો કાયમનો નાતો બંધાયો.

**આ પુસ્તક સાબરમતી આશ્રમ અંતર્ગત ચાલતી રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થીઓનું ‘મધપૂડો’ નામનું એક હસ્તલિખિત માસિક ચાલતું હતું - તેમાં સૌથી પહેલાં ‘જીવનનું પરોઢ’ના પ્રકરણ પ્રકાશિત થયા હતા. પ્રભુદાસ ગાંધીએ જ્યારે આ પ્રકરણો લખ્યાં ત્યારે તેમની ઉંમર 12 વર્ષની હતી. તેમણે આમાં દક્ષિણ આફ્રિકાના ફિનિક્સ આશ્રમના અનુભવો અને આફ્રિકામાં સત્યાગ્રહ ચાલતાં ત્યારે તેની ચહલપહલ આશ્રમમાં કેવી હતી તે પણ આલેખ્યું છે**

કાકાસાહેબે પ્રભુદાસ ગાંધીના વ્યક્તિત્વ વિશે પ્રસ્તાવનામાં ઘણી વાતો લખી છે. સાહિત્યની દૃષ્ટિએ આટલું ઉત્તમ પુસ્તક લખનારા પ્રભુદાસ ગાંધી વિશે કાકા લખે છે : ‘છેક નાનપણથી પ્રભુદાસને કહેવામાં આવ્યું હતું કે ‘એ ઠોઠ છે. જરાય કશી હોશિયારી એનામાં નથી. દેવદાસ જેટલી હોશિયારી પ્રભુદાસમાં ભલે ન હોય, નાના કચા(કૃષ્ણદાસ) [પ્રભુદાસના ભાઈ] જેટલી ચતુરાઈ પણ એનામાં ન હોય પણ મેં તો એને બુદ્ધિ વગરનો જોયો કે માન્યો નથી.

ઘરના મુરબ્બીઓએ, ભલે અત્યંત સદબુદ્ધિથી પણ એનામાં જે ઠોકી બેસાડ્યો તે એના સ્વભાવનું એક અંગ જ બની ગયું અને વિદ્યાનિષ્ઠા, કર્મનિષ્ઠા, ધ્યેયનિષ્ઠા ઈ. સમર્થ સદગુણો એની પાસે હોવા છતાં એક આત્મવિશ્વાસને અભાવે એની આખી કારકિર્દી જાણે કરમાઈ ગઈ.’

કાકા સાહેબ પ્રભુદાસને સામાન્ય સાહિત્યકાર માનતા નથી છતાં આખા પુસ્તકમાં કાકા કહે છે તેમ ‘હું ઠોઠ છું, હું જડ છું, બીજા જેવો હોશિયાર નથી’ તેવું ધ્રુવપદ આપણે સાંભળ્યા કરીએ છીએ. પુસ્તકની વિશેષતા સંદર્ભે કાકા નોંધે છે કે, ‘ભૂગોળનાં વર્ણનો અને કુદરત સાથે ઘાસપાન, ફૂલફૂલ, પંખી અને વાદળાં સાથે તદાકાર થવાનો આનંદ જ્યારે પ્રભુદાસ વર્ણવે છે, ત્યારે તો એની કલમનું સામર્થ્ય સોળે કળાએ પ્રગટ થાય છે. સમોવડિયા અને મોટેરાઓ તરફથી જે પોષણ બાળ પ્રભુદાસને મળતું નહીં તે એણે કુદરત પાસેથી મેળવ્યું. તેથી જ આ વર્ણનશક્તિ એનામાં આટલી જીવતી થઈ છે. કુદરતના વર્ણનમાં પ્રભુદાસ જેટલો ફાવે છે, તેટલો જ મનોવિશ્લેષણમાં પણ ફાવે છે.’ પુસ્તકની આવી અનેક વિશેષતા કાકાએ પ્રસ્તાવનામાં આલેખી આપી છે.

આ પુસ્તકમાં લેખક તરીકેનું જે નિવેદન ‘પ્રસ્તાવ’ના મથાળેથી પ્રભુદાસે લખ્યું છે તેમાં તેઓ આ પુસ્તક લખવાનો વિચાર કેવી રીતે આવ્યો તેની થોડી વિગત લખે છે. તે આમ છે : ‘‘મધપૂડો’ના અંકો વડે અમારું વિદ્યાર્થીમંડળ સારી પ્રતિષ્ઠા પામ્યું હતું. શિક્ષકોના લેખોને અભાવે એ પ્રતિષ્ઠા ભાંગી પડે એ મને અસહ્ય લાગ્યું. મધુકર રાજા[તંત્રી] તરીકેની જવાબદારી મારી; મારો ભાર બીજા વિદ્યાર્થીઓ પણ શા માટે ઉપાડે? એ આપણા હિંદી સ્વભાવનો પ્રચીન વારસો મને પણ વળગ્યો. આખા અંકો એકલે હાથે રસભર્યા બનાવવાનું સંકટ મારે માથે આવી પડ્યું. ઉપદેશભર્યા લેખો લખવાની હિંમત તો મને મળે ક્યાંથી? તેમ જ ઈતિહાસ, વિજ્ઞાન, સાહિત્ય કે બીજા કોઈ શાસ્ત્રોનો મને એવો પરિચય ન હતો કે જેમાંથી મજાના લેખો નિપજાવી લઉં. વાચકોને રસ પાડવા માટે વાર્તાઓ અને કવિતાઓ જોઈએ એટલું હું જાણતો હતો, પણ ન છંદ બેસાડવાનું ફાવે કે ન વાર્તાની કોઈ સરસ વસ્તુ મગજમાં આવે. વિચારતાં વિચારતાં મને ફિનિક્સની વાતો લખવાનું સૂઝ્યું.’

‘જીવનનું પરોઢ’ ચાર ભાગમાં લખાયેલું છે. તેના ત્રણ ભાગમાં 21 પ્રકરણ છે અને આખરના ભાગમાં 20 પ્રકરણ છે. પુસ્તકના પરિશિષ્ટોમાં ગાંધીજીના પોરબંદરના ઘરનું આલેખન છે. સંભવત્ ગાંધીજીના પોરબંદરના ઘરનું આવું શબ્દચિત્ર ક્યાંય મળતું નથી. પુસ્તકમાંથી પસાર થઈએ ત્યારે આફ્રિકાનો એ હિસ્સો જ્યાં ગાંધીજીનો ફિનિક્સ આશ્રમ હતો તે ધીરે ધીરે પ્રભુદાસ ગાંધીના શબ્દ થકી આપણી આંખ સમક્ષ ખડો થાય છે. ફિનિક્સની અસંખ્ય ઘટનાઓ એવી છે - જેની નોંધ આ પુસ્તકમાં જ મળે છે. ગાંધીજીએ પણ ‘દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ’માં ત્યાંની ભૌગોલિક સ્થિતિ અને લોકોનું વર્ણન બખૂબી કર્યું છે, પરંતુ પ્રભુદાસ ગાંધીએ તે વર્ણન વધુ વિસ્તારથી અને રસપૂર્વક કર્યું છે. અહીં પ્રભુદાસ ગાંધીના થોડાંક શબ્દો ન મૂકીએ તો આ લેખની અધૂરપ છતિ થશે. ‘કુદરતના ખોળે’ પ્રકરણમાં પ્રભુદાસ લખે છેઃ ‘કુદરત અને માતાનો એ સ્વભાવ જ છે કે તમે ભલે એની કિંમત ન સમજતા હો પણ એ તો તમને પોતાના અમીરસથી નવડાવ્યે જ રાખે. ફીનિક્સમાં જ્યારે અમે એકલા પડ્યા. અમારાં માબાપ ને બાપુજી જેલ ગયાં અને મગનકાકા છાપખાનામાં ગોંધાઈ ગયા ત્યારે એ સૂના જંગલમાં કુદરત સાથેની અમારી દોસ્તી વધી ગઈ. કોઈ કોઈ વાર તો એ અમને ખૂબ રમાડતી. અનેરાં પંખીઓના ટહુકા ભેગો સાદ પુરવવામાં ને તેમની સાથે એકલાં એકલાં ગપ્પાં મારવામાં મને એટલી બધી મજા આવતી કે કલાકોના કલાકો સુધી હું પંખીગીત સાંભળતો અને કોઈક વાર એમાં ઝીણો સાદ પુરાવતો બેસી રહેતો.’

છસ્સોથી વધુ પાનાંનું આ પુસ્તક ગુજરાતી સાહિત્યનું ઘરેણું છે અને હવે તે અંગ્રેજીમાં પ્રકાશિત થવા જઈ રહ્યું છે. અંગ્રેજી વાચકો તો આ પુસ્તકને પ્રથમ વાર વાંચી શકશે પણ ગુજરાતી વાચકો આ ટાણે ફરી જો પુસ્તકને હાથમાં લેશે તો પણ તેમને દક્ષિણ આફ્રિકાની ગાંધીજીનું જીવન સુપેરે મળી રહેશે, સાથે સાથે દક્ષિણ આફ્રિકાનો તે સમયનો માહોલ પણ તેમાં તાદશ્ય દેખાશે. અંગ્રેજીમાં આ પુસ્તક પેનગ્વિન પ્રકાશન દ્વારા પ્રકાશિત થયું છે.



# ઝઘડોઃ પ્રકાશ ને અંધકાર વચ્ચેનો

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ

હમણાં જ મેં એક લેખ વાંચ્યો જે મને પૂરેપૂરો સમજાયો નહીં. કારણ એ નહોતું કે લેખ ખરાબ કે કંટાળાજનક હતો. હકિકતમાં મારી પાસે એ લેખને સમજવાની બેઝિક જાણકારી નહોતી. શું છે કે લેખ, વિજ્ઞાન વિશેનો હતો અને વિજ્ઞાનમાં તો મારી સમજ સાહિત્ય કરતાં યે ઓછી છે. છતાં હું ઘણા દિવસોથી એ વિષય પર વિચારી રહ્યો છું. હું એક બહુ મોટી મૂંઝવણમાં પડી ગયો છું ને મને પ્રો. જયંત નારલીકર જેવા કોઇ મહાન વૈજ્ઞાનિકની સલાહની સખત ને અર્જંટ જરૂર છે.

એ લેખમાં મૂળ તો ‘અંધકાર’ વિશે ચિંતા હતી કે હજારો વર્ષોથી માણસજાત, માત્ર ચમકતી વસ્તુઓનો જ અભ્યાસ કરે રાખે છે. સૂરજ, ચંદ્ર, તારા અને દૂરની આકાશગંગા વગેરે જેમાં પ્રકાશ છે, ચમક છે, જે આંખોને ગમે છે એની જ પાછળ સૌ પડ્યા છે. ચમકતી વસ્તુઓ જ હંમેશા આપણી જિજ્ઞાસાનો વિષય રહ્યો છે ને આપણને એમ લાગે છે કે આ ચમકતી વસ્તુઓ જ સૃષ્ટિનું ભવિષ્ય બનાવનારી શક્તિઓ છે. વળી જ્યોતિષો પણ એવું જ માને છે.

જુઓને જ્યોતિષોને પણ મંગળ, શુક્ર, બુધ એ બધાંમાં જ ભવિષ્ય દેખાય છે. હેલીનો ધૂમકેતુ જે ક્યારેક ધરતી પર પડવાનો છે એની ચિંતા આજથી જ આપણને પરેશાન કરી રહી છે. આપણે માત્ર ‘ચમક’ પ્રત્યે જ ચિંતિત અને જિજ્ઞાસુ હોઈએ છીએ. લેખમાં વર્ણવેલી સમસ્યા એ છે કે ‘અંધારું’ જ દરેક ચમકતી વસ્તુઓને લપેટીને બેઠું છે, આકાશમાં જે ‘અંધકાર’ બધે વ્યાપક ને વિશાળ છે, એનો તો આપણે કદી અભ્યાસ તો શું ઉલ્લેખ પણ કરતા નથી. આપણે કાળા પડછાયાને અવગણીએ હંમેશા છીએ. એને સાવ નકામો માનીએ છીએ. પણ આપણે ક્યારેય એવું નથી વિચાર્યું કે અંધકાર છે તો પ્રકાશના કિરણોની કિમત છે. અંધારું પણ એટલું જ જરૂરી છે.

પેલા સમગ્ર લેખમાં ‘અંધકાર’ના તત્વો વિશે ચર્ચા હતી, એ તત્વો જે સમગ્ર બ્રહ્માંડમાં પરસ્પર જોડાયેલા છે. એટલે કે બ્રહ્માંડમાં ‘ચમકતી વસ્તુ’ઓ એકબીજા સાથે એટલી જોડાયેલી નથી જેટલો અંધકાર બધે જ જોડાયેલો કે ફેલાયેલો છે. લેખમાં કહેવું એવું હતું કે આ સૃષ્ટિના ભવિષ્યનું નિર્માણ હવે અંધાકાર કરશે. હવે એ સમય પાકી ગયો છે કે જ્યારે માણસે એવી વસ્તુઓનો અભ્યાસ કરવો જોઈએ જેમાં ચમક નથી. માટે આપણે અંધકાર તરફ વધારે ધ્યાન આપવું જોઈએ.

મેં પહેલા જ કહ્યું ને કે લેખ, વિજ્ઞાન વિશેનો હતો અને વિજ્ઞાનમાં મારી સમજ બહુ ઓછી છે. પણ હું ત્યારથી વિચારી રહ્યો છું કે વાત તો ખરી કે માનવજાતનો આખો ઈતિહાસ ચમકદાર વ્યક્તિત્વની ચર્ચા ને અભ્યાસથી ભરેલો છે. આપણે વચ્ચે અંધકારને ભૂંસી નાખ્યો છે. રૂપિયો ચમકે છે પણ એક ચમકતા રૂપિયા અને બીજા ચમકતા રૂપિયાની વચ્ચે જે ગરીબીની કે અભાવની શૂન્યતા છે, એ આપણને કદી દેખાતી નથી. બે જણાંના પ્રેમ વચ્ચે પસંદ-નાપસંદ અને નફરતનું ગજબનું અંતર હોય છે, જેને આપણે અવગણી નાખીએ છીએ. મેં જુદા જુદા ક્ષેત્ર વિશે વિચાર્યું ત્યારે મને સમજાયું કે બધે અંધકાર એટલા માટે હાજર છે. જે મહાન માણસો છે જેમ કે ગાંધીજી કે આઈનસ્ટાઈન, એ લોકો પણ અંધકારને ઓળખવાનો પ્રયત્ન કરે છે. માટે જ તેઓ હંમેશા દુનિયામાં અધૂરા અને બાકી કામ પૂરા કરે છે.

**મેં જુદા જુદા ક્ષેત્ર વિશે વિચાર્યું ત્યારે મને સમજાયું કે બધે અંધકાર એટલા માટે હાજર છે. જે મહાન માણસો છે જેમ કે ગાંધીજી કે આઈનસ્ટાઈન, એ લોકો પણ અંધકારને ઓળખવાનો પ્રયત્ન કરે છે. માટે જ તેઓ હંમેશા દુનિયામાં અધૂરા અને બાકી કામ પૂરા કરે છે**

એટલે હવે વિલનને હીરો બનાવવો. બધા ગ્રહોને છોડીને માત્ર રાહુ-કેતુ પર ધ્યાન આપવું, કારણ કે તેઓ અંધકારના પ્રતિક છે. આપણા દેશમાં આ કામ જલ્દીથી અને વધારે થવું જોઈએ કારણકે આપણાં દેશના બેશૂમાર પૈસાની વચ્ચે જે કાળુનાણું છે ને એમાં ને નેતાગીરીમાં એક ચારિત્ર્યહીન અંધારું ફેલાયેલું છે! એનું શું?

# IPL 2026ની હરાજીમાં સૌથી મોંઘો ખેલાડી કોણ હશે?

ખેલખેલમેં

IPL હરાજી દર વર્ષે નવા રેકોર્ડ બનાવે છે, અને ખેલાડીઓના ભાવમાં વધારો થતો રહે છે. 2025 માં ઋષભ પંતને 27 કરોડ (270 મિલિયન રૂપિયા) મળ્યા પછી, હવે પ્રશ્ન એ ઊભો થાય છેઃ શું IPL 2026 માં 300 મિલિયનનો આંકડો તોડવામાં આવશે? આ પ્રશ્નનો જવાબ આપવા માટે, એ તપાસવું મહત્વપૂર્ણ છે કે 2008 થી દર વર્ષે સૌથી મોંઘો ખેલાડી કોણ રહ્યો છે અને કિંમતોમાં કેવી રીતે વધારો થયો છે. પહેલી સીઝન અને પહેલી મોટી બોલીમાં ધોનીને ચેન્નાઈ સુપર કિંગ્સે 9.5 કરોડ રૂપિયામાં ખરીદ્યો, જે સંકેત આપે છે કે ફ્રેન્ચાઈઝ નવા યુગમાં મોટા નામો પર ભારે દાવ લગાવશે. આનાથી IPLની માર્કી પ્લેયર હરાજી પરંપરાની શરૂઆત થઈ. જોકે, ધોની ફરી ક્યારેય હરાજીનો ભોગ બન્યો નહીં. તેને દરેક વખતે જાળવી રાખવામાં આવ્યો. અત્યાર સુધી યોજાયેલી તમામ હરાજીઓને જો ધ્યાને લઈએ તો ઉત્તરોઉત્તર ખેલાડીઓની કિંમતમાં ઉછાળો આવતો રહ્યો છે અને હાલમાં સૌથી મોંઘા વેચાયેલા ખેલાડી તરીકેનો રેકોર્ડ ઋષભ પંતના નામે છે, જેને ગત સિઝનમાં લખનૌ સુપર જાયન્ટ્સે પંતને 27 કરોડમાં ખરીદીને દિલ્હી કેપિટલ્સને રાઈટ ટુ મેચ કાર્ડનો ઉપયોગ કરતા અટકાવ્યું હતું. હવે આ વર્ષે આ જેકપોટ કયા ખેલાડીને મળે છે તે જોવાનું રહેશે. કેટલાક યુવા ભારતીય ખેલાડીઓ પર ઘણાંની નજર છે અને તેની સાથે જ વિદેશી ઓલરાઉન્ડર્સ પણ બધાની નજરમાં છે.

બીજી સીઝનમાં, ઈંગ્લિશ સુપરસ્ટાર્સ માટે પૈસાનો વરસાદ થયો. દિગ્ગજ ખેલાડીઓ કેવિન પીટરસન અને ફ્લિન્ટોફ દરેક 9.8 કરોડમાં વેચાયા, જે તે શરૂઆતના દિવસોમાં એક નોંધપાત્ર રકમ હતી. પીટરસન ચોગ્ગા અને છગ્ગા ફટકારવામાં માસ્ટર હતો, જ્યારે ફ્લિન્ટોફ તે સમયે વિશ્વના શ્રેષ્ઠ ઓલરાઉન્ડરોમાંના એક માનવામાં આવતો હતો.



૨૦૧૦: શેન બોન્ડ (KKR) અને કિરોન પોલાર્ડ (MI) ૪.૮ કરોડ રૂપિયામાં ખરીદાયા હતા. તે વર્ષે, ઓછી પર્સ લિમિટને કારણે બોલી ઓછી હતી, પરંતુ બોન્ડ અને પોલાર્ડ બંને તેમની ટીમો માટે રમત બદલનારા સાબિત થયા. પોલાર્ડની ધમાકેદાર ઈનિંગ્સે મુંબઈને ફાઈનલમાં પહોંચાડ્યું, પરંતુ ટીમ હારી ગઈ.

2011માં ગૌતમ ગંભીર પાછળ KKRએ 14.9 કરોડ રૂપિયા ખર્ચી કાઢ્યા હતા અને IPLના ઈતિહાસમાં પહેલી મોટી બોલી બની હતી. ગંભીરે બાદમાં કોલકાતા નાઈટ રાઈડર્સને બે ટાઈટલ અપાવ્યા. આ હરાજીએ IPLના ભાવનિર્ધારણના નવા યુગની શરૂઆત કરી, જેમાં કિંમત પહેલી વાર ૧૦ કરોડ રૂપિયાને પાર કરી ગઈ. તે પછી 2012 રવિન્દ્ર જાડેજાને CSKએ 12.8 કરોડ રૂપિયામાં લીધો હતો. એ વર્ષે ઓલરાઉન્ડરોનું મહત્વ વધ્યું. જાડેજા આગામી ૧૩ સીઝન સુધી CSKનો અભિન્ન ભાગ રહ્યો, જેના કારણે ટીમને અનેક ટાઈટલ મેચ જીતવામાં મદદ મળી. 2013માં એવી કોઈ મોટી બોલી કોઈના પર લાગી નહોતી પણ તે પછી 2014માં યુવરાજ સિંહને RCBએ 14 કરોડ ખર્ચીને પોતાની ટીમમાં સામેલ કર્યો હતો.

યુવરાજ સિંહ કેન્સરમાંથી સ્વસ્થ થયા પછી ક્રિકેટમાં પાછો ફરીને ધૂમ મચાવી. જોકે, યુવરાજનું પ્રદર્શન પ્રભાવશાળી નહોતું. RCB એ સિઝન પછી તેને રિલીઝ કર્યો. તે પછી 2015માં દિલ્હીએ યુવરાજને 16 કરોડમાં લેતા યુવરાજ સિંહ સતત બીજા વર્ષે સૌથી મોંઘો ખેલાડી રહ્યો. તે સમયે આ એક હરાજીનો રેકોર્ડ હતો. દિલ્હી કેપિટલ્સે યુવરાજ પર વિશ્વાસ દર્શાવ્યો, પરંતુ તે દિલ્હી માટે પણ સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયો. 2016મા RCBએ શેન વોટસન પાછળ 9.5 કરોડનો ખર્ચો કર્યો. તો 2017માં સ્ટોક્સના આગમનથી વિદેશી ઓલરાઉન્ડરોની કિંમતમાં વધુ વધારો થયો. તેના માટે લાગેલી રૂ. 14.5 કરોડની બોલીથી અંગ્રેજી ખેલાડીઓની IPL કિંમત કાયમ માટે વધી ગઈ. રાઈઝિંગ પુણે સુપરજાયન્ટ્સે સ્ટોક્સમાં વિશ્વાસ દર્શાવ્યો અને મોટી બોલી લગાવી. સ્ટોક્સે IPL ૨૦૧૭માં શાનદાર પ્રદર્શન કર્યું, ૩૧૯ રન બનાવ્યા અને ૧૨ વિકેટ લીધી. આ સ્ટોક્સની પહેલી IPL હતી. તે પછી 2023માં સેમ કુરન ઐતિહાસિક ભાવે વેચાયો. પંજાબની ટીમે આ ઈંગ્લિશ ઓલરાઉન્ડરમાં વિશ્વાસ દર્શાવીને તેને 18.5 કરોડમાં પોતાની ટીમમાં સામેલ કર્યો. તે ૨૦૨૨માં ઈંગ્લેન્ડની T20 વર્લ્ડ કપ ટીમનો ભાગ હતો અને તેને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પણ જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, IPLમાં તેનું પ્રદર્શન ખરાબ રહ્યું હતું. 2024માં મિચેલ સ્ટાર્કને 24.75 કરોડનો જેકપોટ લાગ્યો. KKRએ તેના માટે IPL ઈતિહાસમાં રેકોર્ડ બોલી લગાવી. આ અત્યાર સુધીની સૌથી વધુ હરાજી રકમ હતી, જેણે પહેલી વાર 20 કરોડના અવરોધને વટાવી દીધો. સ્ટાર્કે પોતાની પસંદગીને યોગ્ય સાબિત કરી, અને KKRએ 2024માં IPL ટાઈટલ જીત્યું. સ્ટાર્ક ક્વોલિફાયર અને ફાઈનલ બંનેમાં પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો.

**શું આ વર્ષની હરાજીમાં કોઈ યુવા ભારતીય ખેલાડી સૌથી વધુ બોલી લગાવવાનો રેકોર્ડ પોતાના નામે કરશે? કે પછી કોઈ વિદેશી ઓલરાઉન્ડર ફરીથી તાજ જીતશે? આ નિર્ણય 16 ડિસેમ્બરે હરાજી ટેબલ પર લેવામાં આવશે. આ વર્ષની હરાજી અબુ ધાબીમાં યોજાશે**

2025માં લખનૌ સુપર જાયન્ટ્સે પંતને 27 કરોડમાં ખરીદીને નવો ઈતિહાસ રચ્યો. IPLમાં પહેલીવાર કોઈ ખેલાડીની કિંમત 25 કરોડને વટાવીને ૨૭ કરોડ સુધી પહોંચી ગઈ. તે IPL ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી રહ્યો છે.